GJAH220610972019

રજુ તારીખ : ૨૫–૦૬–૨૦૧૯
રજી. તારીખ : ૨૫–૦૬–૨૦૧૯
નિકાલ તારીખ: ૨૧–૦૨–૨૦૨૬
સમય અવધિ : વર્ષ માસ દિવસ
૦૬ ૦૭ ૨૭

**અમદાવાદના એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટની અદાલત, જી.અમદાવાદ (સીટી)**

ફોજદારી કેસ નં.૫૬૫૪૬/૨૦૧૯
**આંક :–૧૫**

શ્રી સરકાર
(શ્રી ઈશાનીબેન જીગરભાઈ ઠક્કર) ... **ફરીયાદી**

**:: વિ રૂ ધ્ધ ::**

જીગર સુરેશભાઈ ઠક્કર
રહે. ૬૯, નવકાર ફ્લેટ, બેરેજ રોડ, વાસણા,
અમદાવાદ. ... **આરોપી**

**ગુનો**– ઈ.પી.કો. કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧) મુજબ...

ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી. કે.કે.યોગી
આરોપી તરફે વિ.વ.શ્રી એમ.આર.પાટીલ

..................................................................

**-: ચુકાદો :-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૦૫/૦૪/૨૦૧૯ ના કલાક ૦૧/૪૫ વાગ્યે દેવ દર્શન ફ્લેટ વાસણા ખાતે ફરિયાદીશ્રી સાથે ગાળા-ગાળી તેમજ ઝપાઝપી કરી તેમજ સાહેદ નં.૨ નાઓ વચ્ચે પડતા તેઓને એક થપ્પડ મારી દઈ તેમજ ફરિયાદીશ્રીને "તું રસ્તામાં એકલી મળીશ તો તને છોડિશ નહી અને તને બીજાના ઘરે જાય તેવી હાલતમાં રાખીશ નહી" તેવી ધમકી આપી નાસી જઈ પાછળથી મળી આવી પકડાઈ જઈ ગુનો કરેલ. આ બનાવ અંગેની જાહેરાત વાસણા પોલીસ સ્ટેશનમાં કરવામા આવતાં વાસણા પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં.૩૦૫૧/૨૦૧૯ થી ગુનો દાખલ થયેલ.

(૨) તપાસ કરનાર ધ્વારા તપાસ પુર્ણ થયેથી તહોમતદાર વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧) મુજબનો ગુન્હો આચર્યા સંબંધેનુ ચાર્જશીટ દાખલ કરેલ, જે ચાર્જશીટ ફોજદારી કેસ નંબર : ૫૬૫૪૬/૨૦૧૯ થી અદાલતના રજીસ્ટરે દાખલ થયેલ છે. સદર કેસ આગળની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે આ અદાલતને તબદીલ કરવામાં આવેલ છે.

(૩) તહોમતદારને પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવતા તહોમતદાર તેમના વિ.વ.શ્રી. સાથે અદાલત સમક્ષ ઉપસ્થિત થયેલ અને તહોમતદારોને સી.આર.પી.સી. ની કલમ કલમ-૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો સુપ્રત કર્યાની ખાત્રી કરવામાં આવેલ છે. ત્યારબાદ, તહોમતદાર વિરૂધ્ધ આંક-૦૨ થી તહોમતનામું

ફરમાવી, તહોમતદારનું નિવેદન આંક-૦૩ થી નોંધેલ છે, જે નિવેદનમાં તહોમતદારોએ તેમની વિરુધ્ધના તહોમતનો ઈન્કાર કરેલ છે.

(૪) ફરીયાદપક્ષ ધ્વારા નીચે મુજબ પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો :-**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧ | ૧૦ | ફરિયાદી ઈશાનીબેન જીગરભાઈ ઠકકરની સોગંદ ઉપરની જુબાની |
| ૨ | ૧૨ | સાહેદ કૌશલભાઈ અશ્વિનભાઈ ગાંધીની સોગંદ ઉપરની જુબાની |

**દસ્તાવેજી પુરાવો :-**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૧૧ | ફરિયાદ |
| ૨ | ૧૩ | પુરાવો પુરો થયાની પુરસીસ |

(૫) ઉપરોકત મુજબનો પુરાવો રજુ થયા બાદ ફરિયાદપક્ષ ધ્વારા પુરાવો પુરો થયાની જાહેરાત કરવામાં આવતા તહોમતદારનું સી.આર.પી.સી. કલમ ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધી શકાય તેટલો પુરાવો અદાલતના રેકર્ડ પર આવેલ ન હોવાથી તહોમતદારનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬) બાદ ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા બચાવપક્ષ તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળી તેની ચર્ચા સરળતા ખાતર કારણો દરમ્યાન કરવામાં આવેલ છે.

(૭) આ ફોજદારી કેસને નિર્ણિત કરવા માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે :-

૧) શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર એવું પુરવાર કરી શકેલ છે કે, આ કામના આરોપીએ તા.૦૫/૦૪/૨૦૧૯ ના કલાક ૦૧/૪૫ વાગ્યે દેવ દર્શન ફ્લેટ વાસણા ખાતે ફરિયાદીશ્રી સાથે ગાળા-ગાળી તેમજ ઝપાઝપી કરી તેમજ સાહેદ નં.૨ નાઓ વચ્ચે પડતા તેઓને એક થપ્પડ મારી દઈ તેમજ ફરિયાદીશ્રીને "તું રસ્તામાં એકલી મળીશ તો તને છોડિશ નહી અને તને બીજાના ઘરે જાય તેવી હાલતમાં રાખીશ નહી" તેવી ધમકી આપી નાસી જઈ પાછળથી મળી આવી પકડાઈ જઈ ગુનો કરી, ઈ.પી.કો. કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧) મુજબનો ગુન્હો આચરેલ છે?

૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓ સંબંધે નિર્ણય નીચે મુજબ છે :-

૧. નકારાત્મક

૨. આખરી હુકમ મુજબ.

ઉપરોકત નિર્ણય સંબંધી કારણો નીચે મુજબ છે.

## -: કા ર ણો :-

**-: મુદ્દા નં.૧ :-**

(૯) ફોજદારી કાર્યવાહીમાં ન્યાયી નીર્ણય કરતી વખતે એ ધ્યાનમાં રાખવું ખાસ જરૂરી છે કે, ફરીયાદપક્ષે કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનો રહે છે.

(૧૦) ઉપરોકત સિધ્ધાંતને લક્ષ્ય પર રાખી હાથ પરના કિસ્સામાં રજુ કરવામાં આવેલ પુરાવાની ચર્ચા કરવામાં આવે તો ફરીયાદપક્ષ

ધ્વારા ફરિયાદી ઈશાનીબેન જીગરભાઈ ઠકકર નાઓને આંક−૧૦ થી તપાસવામાં આવેલ છે. સદર ફરિયાદીએ તેમની સરતપાસ જુબાનીમાં મુખ્યત્વે આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલ હોવાનું અને તે સિવાય બીજુ કશું બનેલ નહિ હોવાનું જણાવી, આંક−૧૧ થી ફરિયાદ રજુ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, હાલ તેઓને આરોપી સાથે સમાધાન થઈ ગયેલ છે અને તેઓ કેસ આગળ ચલાવવા માંગતા નથી તેમજ તેઓ આ કેસ માંડવાળ કરવા માંગે છે. તેઓ આ કેસમાં વધુ કોઈ સાહેદ પુરાવો આપવા માંગતા નથી. આમ આ ફરિયાદીએ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ ન હોવાથી ફરીયાદપક્ષ ધ્વારા આ ફરિયાદીને ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે અને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટતપાસ પણ કરવામાં આવેલ છે, જે ઉલટમાં પણ આ ફરિયાદીએ ફરિયાદપક્ષ ને સમર્થનકારી પુરાવો આપેલ નથી.

જયારે બચાવપક્ષ તર્ફેની ઉલટતપાસમાં પણ ફરિયાદીએ એ હકીકત કબુલ રાખેલ છે કે, આરોપી સાથે તેઓને કોર્ટ બહાર સમાધાન થઈ ગયેલ છે.

**(૧૧)** ફરીયાદપક્ષ ધ્વારા સાહેદ કૌશલભાઈ અશ્વિનભાઈ ગાંધી નાઓને આંક−૧૨ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેમની સરતપાસ જુબાનીમાં મુખ્યત્વે આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલ હોવાનું અને તે સિવાય બીજુ કશું બનેલ નહિ

હોવાનું અને બનાવ બાબતે તેઓની દિકરીએ ફરિયાદ આપેલ હોવાનું જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, હાલ તેઓને આરોપી સાથે સમાધાન થઈ ગયેલ છે અને તેઓ કેસ આગળ ચલાવવા માંગતા નથી તેમજ તેઓ આ કેસ માંડવાળ કરવા માંગે છે. તેઓ આ કેસમાં વધુ કોઈ સાહેદ પુરાવો આપવા માંગતા નથી. આમ આ સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ ન હોવાથી ફરીયાદપક્ષ ઘ્વારા આ સાહેદને ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે અને વિ.એ.પી.પી.શ્રી ઘ્વારા ઉલટતપાસ પણ કરવામાં આવેલ છે, જે ઉલટમાં પણ આ સાહેદે ફરિયાદપક્ષને સમર્થનકારી પુરાવો આપેલ નથી.

જયારે બચાવપક્ષ તર્ફેની ઉલટતપાસમાં પણ સાહેદે એ હકીકત કબુલ રાખેલ છે કે, આરોપી સાથે તેઓને કોર્ટ બહાર સમાધાન થઈ ગયેલ છે.

**(૧૨)** રજુ કરવામાં આવેલ ઉપરોકત પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો તપાસેલા ફરિયાદી અને સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી અને ફરી ગયેલા જાહેર થયેલા છે. આ સાહેદો ફરીયાદપક્ષના ખુબ જ મહત્વના સાહેદો છે કારણ કે, આ સાહેદો જાતે ભોગ બનનાર છે. આમ આ મહત્વ ના સાહેદોએ ફરિયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી અને જેથી ફરીયાદપક્ષના કેસનું વજુદ જ ટકી શકતું નથી. ફરિયાદપક્ષ ઘ્વારા આંક-૧૧ થી ફરિયાદ રજુ કરવામાં આવેલ છે,

પરંતુ જયારે ફરિયાદીએ જ ફરિયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી તેવા સંજોગોમાં આ ફરિયાદના મજકુર પુરવાર થઈ શકતા નથી. આમ, ફરિયાદ આંક–૧૧ થી ફરીયાદપક્ષ ને તહોમતદાર વિરુધ્ધના આક્ષેપો પુરવાર કરવામાં કોઈ મદદ મળી શકતી નથી.

**(૧૩)** આમ, ફરિયાદી અને તપાસેલા સાહેદે ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો આપેલ નથી તેમજ પુરસીસ આંક–૧૩ થી ફરીયાદપક્ષે પુરાવો પુરો થયાની જાહેરાત કરેલ છે અને તે રીતે અદાલતના રેકર્ડ પર જે પુરાવો આવેલ છે તેનાથી ફરીયાદપક્ષ તહોમતદાર વિરૂધ્ધના આક્ષેપો પુરવાર કરવામાં સરીઆમ નિષ્ફળ નીવડેલ હોઈ, મુદ્દા નં.૧ નો જવાબ નકારાત્મક ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં. ર નો જવાબ નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## **<u>–: આ ખ રી હુ ક મ :–</u>**

**(૧)** ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ર૪૮(૧) અન્વયે તહોમતદાર **: જીગર સુરેશભાઈ ઠકકર** નાઓને તેમની વિરુધ્ધના ઈ.પી.કો. કલમ ૩ર૩, ર૯૪(ખ), ૫૦૬(૧) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(ર)** વધુમાં તહોમતદારને સી. આર. પી. સી. કલમ–૪૩૭(એ) મુજબ આદેશ કરવામાં આવે છે કે, તહોમતદારે અપીલ અદાલતમાં હાજર

રહેવા માટે છ માસના સમય મર્યાદાનાં રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના સધ્ધર સ્થાનિક જામીન તથા તેટલીજ રકમનાં જાતમુચરકા અત્રેની અદાલતમાં લખી આપવા.

આ હુકમ આજ તા.૨૧ મી, માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૧–૦૨–૨૦૨૬.
અમદાવાદ (સીટી).

**(દિપક હસમુખભાઈ ખંભાતી)**
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ (સીટી). (જીજે૦૦૮૬૬)

J.A.M.